# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પધારો પધારો કહે છે, તંત્રમાં સુધારો નથી,
મળે ન રેશનકાર્ડ, સ્ટાફમાં કોઇ વધારો નથી,
ચોધાર રડે છે પ્રજા, નોંધાર, કોઇ દિલાસા વિના -
નિરાધાર છે પ્રજા 'કાર્ડ' વિના - કોઇ 'આધાર' નથી -
('આધાર કાર્ડ' - કોઇ ગંભીર નથી)

## હાઇકુ

'ઘરનું ઘર'
- તમે પણ કરોવો!
જિલ્લે સન્માન!!
(કોને દીધાં ને તમે રહી ગ્યા?)

'સંહિતા' દેવી
લેવડાવે ગરબા
વેપારીઓને..
(રોકડગીરી)

## ચિંતન

દુર્જનસ્ય વિશિષ્ટત્વં પરોપદ્રવકારણં ।
વ્યાઘ્રસ્ય ચોપવાસે ન પારણં પશુ મારણં ॥

'દુર્જન લોકો સેવાનો પણ કોઇ 'પ્રોજેક્ટ' લે તો પણ બીજા, સજ્જન લોકોને તેનાથી ઉપદ્રવ જ થાય છે જેમ કે, વાઘ ઉપવાસનું 'વ્રત' રાખે તો પણ-જયારે પારણું કરે ત્યારે તો પશુનું જ મારણ કરવામાં આવે છે.'

દુર્જન લોકો જે કંઇ પણ કરે એમાં એમનો હેતું મેલો હોય છે પોતાનો સ્વાર્થ તો હોય જ પણ એને કારણે એમનાં વિરોધીને નૂકશાન કે પરેશાની કેમ થાય એ પણ એમનું ઊડું લક્ષ્ય હોય છે. દા.ત. ગામનો સેવાભાવી - સેવક તરીકે દુર્જન-રસ્તા માટે-અરજી કરતો હોય પણ એનાં પાછળ કોઇ ખેડૂતની જમીન કેમ કપાઇ જાય એ જ તેનો હેતું હોય છે..

અહીં દૃષ્ટાંતમાં 'વાઘનાં અપવાસ' ની વાત છે. અપવાસનો અંત તો કોઇ નિર્દોષ પશુના મારણથી જ આવે તેમ દુર્જનનું કોઇ પણ કાર્ય સજ્જનના સંતાપનું કારણ બને છે.

સજ્જનનો નવરાત્રી ઉત્સવ, આનંદ-ભક્તિ માટે હોય પણ વિદ્યાર્થીઓ અને વૃદ્ધ દર્દી માટે તો એ ખલેલ અને ઉજાગરાનું કારણ જ બને છે.

## સુવિચાર

- કોઇ કાયદાનો કડક અને અમાનુસી અમલ તેને રદ કરવાનું કારણ બને છે- **લિંકન**
- જયારે કાયદાની વિરૂધ્ધ આચરણ થાય છે ત્યાં અને ત્યારે જ ક્રૂરતાનો આરંભ થાય છે **- વિલિયમ પિટ**
- કાયદા પાપ શોધી શકાય પણ મિટાવી ન શકાય **- મિલ્ટન**
- કાયદો એક ઊંડી ખાઇ જેવો છે તેને તળિયું નથી **- અર્બૂથં નોટ**
- કાયદો કયારે અર્ધ-નિંદ્રામાં હોય છે પણ મરતો નથી **- માન્ટેન**
- કાયદો મનુષ્ય માટે છે, તેની સુવિધા સાચવવા માટે ઘડાય છે, તે માનવીને વ્યવહારમાં નડતર રૂપ ન હોવો જોઇએ **- એસ. ભટાચાર્ય**
- કાયદો ગરીબો પર શાસન કરે છે, પરંતુ ધનાઢ્યો કાયદા પર શાસન કરે છે **- ગોલ્ડ સ્મિથ**

## બોધ કથા

લગ્ન જો 'પ્રેમમય' હોય તો દૂરની, બીજી જ્ઞાતિ કે દેશ-પરદેશની 'પત્ની' પતિ અને પરિવાર મય થઇ જાય, ભાષા-આચાર-વિચાર તો ઠીક પણ 'સ્વભાવ' પણ બદલાઇ જાય. આપણે જેનું સતત ધ્યાન કરીએ તેનામય થઇ જવાય.. યુવાનોને આ વાત જલ્દી સમજાઇ જશે..

એક ભરવાડ સંતને મળવા ગયો. કહ્યું, મારે ભગવાનના દર્શન કરવાં છે, કંઇક ઉપાય બતાવો! સંત કહે, ધ્યાન કર, ભગવાન દેખાશે..

બે-ત્રણ દિવસે, ભરવાડ પાછો આવ્યો કહ્યું, ધ્યાન લાગતું નથી અનેક વિચારો આવ્યા કરે છે.

સંત કહે, તને ખૂબ ગમતી વસ્તુ-પાત્ર શું છે તેનું ધ્યાન કર-આંખ બંધ કરી એની છબિ જોયા કર.

ભરવાડને હવે ગતાગમ પડી. કહ્યું મને મારી 'કાબરી' ગાય બહુ ગમે છે!

'સંત કહે આંખ બંધ કરી એને જોયા કર.!'

દસેક દિવસ સુધી ભરવાડ દેખાયો નહીં સંતને ચિંતા થઇ એના ઘરનાં બારણે ટકોરા માર્યા, ને ભરવાડને કહ્યું 'બહાર આવ.'

ભરવાડ કહે મારાં શિંગડાં કાબરી જેવડાં મોટાં થઇ ગયા છે, બહાર નિકળાતું નથી!

સંત, 'કાબરીમાં' ભગવાનનું ધ્યાન કરજે એમ કહેતાં ભૂલી ગયા હતા.

# આંતરિક રીતે વિકસવા માટે જાત મૂલ્યાંકન કરવું જોઇએ, કયારેક બેસીને એક કાગળ પર લખતાં જાવ કે તમારામાં શું છે ને તમારામાં શું ખૂટે છે?

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

તરૂણવયના વિદ્યાર્થીઓને ભણાવવાની બહુ જુદી રીતે મઝા આવે છે. હું તો સતત યુવાન યુવતીઓની વચ્ચે જ કામ કરૂં છું. પણ જયારે એમનાં વ્યક્તિત્વ વિશે પૂછીઓ ત્યારે એમને ખબર નથી હોતી કે વ્યક્તિત્વ એટલે શું? સામાન્ય રીતે યુવતીઓને સૌંદર્ય અને વ્યક્તિત્વ વિકાસ અંગે વાત કરવાની હોય ત્યારે એક જુદું જ વાતાવરણ સર્જાય છે. તરવરિયા સ્વપ્નિલ યુવાનોનાં ચહેરા પર એક જુદી જ જાતની ભીંનાશ હોય છે. 'કંઇક કરવું છે' પણ શું કરવું છે એવો પ્રશ્ન હોય, કોઇ પણ આકર્ષક વસ્તુ બાબત કે ઘટનાથી તેઓ જલ્દી આકર્ષાઇ જતા હોય તેવા તરૂણવયનાં વિદ્યાર્થીઓ સાથે તેમના પોતાના વ્યક્તિત્વ, સૌંદર્ય, પ્રતિભાની માનજતની વાત કરવાની હોય ત્યારે એક જુદા પ્રકારનો માહોલ સર્જાય છે તમે પોતો પણ કોઇ પણ ઉંમરે, એ યુવાનોની ઉંમરમાં પ્રવેશ કરી જાવ ત્યારે જ તમને એમની ભીંતરની જરૂરિયાતોનો અંદાજ આવે.

આપણા યુવાધનનું એક ચિત્ર આવું ઉપસાવી શકાય. તેઓ શિક્ષિત છે. તેઓ હોંશિયાર છે. ચાલાક છે. આગળના ભવિષ્યનું વિચારી ભવિષ્યમાં સારી રીતે સેટ થાય તે માટે તનતોડ મહેતન કરે છે. તેઓ સારા સંસ્કાર ધરાવતાં સારા પરિવારમાંથી આવે છે. તેમને બાહ્ય જગતની ખબર હોય છે. ફેશન કરી લે છે, સારાં વસ્ત્રો પહેરે છે. મિત્રો સાથે હોટલમાં જમવા જાય છે. નવી ટેકનોલોજીથી તેઓ સંપૂર્ણ વાકેફ છે. સારાં વસ્ત્રો પહેરે છે. નવી ગાડીના મોડેલથી તેઓ જાણકાર છે. સુંદરતાની સારી એવી માવજત કરી લે છે, બાકીના સમયમાં તેઓ સમાજ ઉપયોગી કાર્ય કરી લે છે. કયારેક પિક્ચર જોવામાં અને પાર્ટી એન્જોય કરવામાં પણ સમય પસાર કરે છે. ઘણાં યુવાનોના બહુ ઊંચા ધ્યેયો છે તો કેટલાંકને બહુ પરવા નથી હોતા.

થોડા સમય પહેલાં મારી એક તાલીમાર્થીએ પૂછ્યું 'મેડમ અમારે અમારૂં' વ્યક્તિત્વ વિકસાવવું હોય તો શું કરવું? આગળ બોલતા એણે કહ્યું કે પહેલા મને બધાની સામે બોલતાં શરમ, સંકોચ થતાં પણ હવે મને પૂછવાનું મન થયું કે વ્યક્તિત્વ એટલે શું? અન્ય યુવતીઓ પાસે જવાબ લીધા તો બધાએ જુદા જુદા જવાબ આપ્યા. સારો દેખાવ એટલે વ્યક્તિત્વ, સારા વસ્ત્રો, સારી વાતચીતની કળા, સારો સ્વભાવ, સારી હોંશિયારી, વાંચન સંસ્કાર આમ જેટલી યુવતીઓ હતી તે બધાએ કોઇ એક વાતને પર્સનાલિટીના મૂળ ભાગ તરીકે રજૂ કરી.

પણ સાચી વાત એ છેકે કોઇ એક જ વાતથી વ્યક્તિત્વ સર્જાતું કે ઘડાતું નથી. કોઇ એક જ દિવસમાં પરિણામ તે વ્યક્તિત્વ નથી. તેને ટંકારવું પડે. તેને ગડવું પડે, અનુભવની એરણ પર ટોચવું પડે. જો સારા ઘડવૈયાના હાથમાં પહોંચી જાય તો આકૃતિ અદ્ભૂત ઉપસી જાય છે નહીંતર જિંદગી આખી રફેદફે થઇ જાય.

કોઇ પણ વ્યક્તિત્વનો પહેલો ઘડવૈયો તેનું ઘર છે. ઘરનો માહોલ છે, ઘરનાં સંસ્કાર અને શિસ્ત છે, જે ઘરમાંથી મા-બાપ પાસેથી, ઘરનાં વાતાવરણમાંથી, ઘરનાં સંબંધોની હૂંફાળ-સ્નેહાળ સમાધિમાંથી બાળકો જે પામે છે તે યૌવનમાં નિખરે છે. શારીરિક રીતે અને માનસિક રીતે કારણ, શરીર - મા-બાપની ભેટ છે અને સંસ્કારનું ઘડતર તે મા-બાપની દેણ છે.

અને એટલે જ કુટુંબ ઘર તેના ઘડવૈયા બની જાય છે. યુવાધનને પહેલો પાઠ ઘરમાંથી મળે છે. મા જે રીતે રહેતી હોય વર્તણૂંક કરતી હોય તેવી તેની પુત્રી બને છે. પિતા તરીકેની જવાબદારી પણ સહેજે ઓછી નથી. પુત્ર પિતાને સતત નજરમાં રાખી પોતાનો આદર્શ બનાવતો હોય છે. માતા-પિતા સંયુક્ત સંબંધોમાંથી જ તેનું ઘડતર થાય છે અને એટલે જ માતા-પિતાના ઘરનાં સંસ્કારથી વ્યક્તિત્વ ભર્યુંભાદર્યું બની શકે.

બાકી રહી બાહ્ય વ્યક્તિત્વની વાત. સુંદર દેખાત, ફીટનેસ, સારી સુદ્દઢ કાયા, સુડોળ દેહ, તેના પર શોભતાં વસ્ત્રો, વાળ ઓળવાની સ્ટાઇલ, પગરખાંની પસંદગી, બોલવાની સ્ટાઇલ, હાવભાવ વગેરે દૂરથી જોનારને માટે આકર્ષક વ્યક્તિત્વ ઊભું કરી જ શકે. પણ માની લો કે તમે સુંદર બન્યાં, વ્યક્તિત્વની વ્યાખ્યામાં ફીટ થઇ ગયા પણ માનસિક રીતે બુધ્ધિજન્ય રીતે આંતરિક વ્યક્તિત્વનું શું? જે જીવનમાં પળપળ ઉપયોગી છે.

આંતરિક રીતે વિકસવા માટે જાત મૂલ્યાંકન કરવું જોઇએ. કયારેક બેસીને એક કાગળ પર લખતાં જાવ કે તમારામાં શું છે ને તમારામાં શું ખૂટે છે? તમારા સ્ટ્રોંગ પોઇન્ટ અને તમારા વીક પોઇન્ટ લખતાં જાવ. માની લો તમારો સ્વભાવ સારો છે. તમારામાં કોઇ વિશેષ આવડત, કુનેહ છે. તમારૂં બુધ્ધિ ચાતુર્ય, દૂરદેશીપણું સારાં છે. તમારી વાત કરવાની સ્ટાઇલ સારી છે. તમારી વ્યક્તિને ઓળખવાની સમજવાની 'કન્સીડરેટ' કરવાની આવડત છે. આ બાબતને વધુ જોર આપીને વિકસાવો કારણ કે તમારામાં તાકાત છે પણ નબળાઇ હોય તેને દૂર કરવા પ્રયત્ન કરો જેમ કે...

ક્રોધ આવે છે, ગુસ્સો કે જેલસી થાય છે, આળશ આવે છે ! પોઝિટિવ વિચારોનાં બદલે નેગેટિવ વિચાર આવે છે. બોલવાનું ખરાબ છે. માનવસહજ ઘણી નબળાઇ હોય જ તેમાથી જેટલી ઓછી કરી શકાય તેટલું તમારૂં આંતરિક વ્યક્તિત્વ દળદાર બને છે. વ્યક્તિ તરીકે તમે રિઝનેબલ હોવા જોઇએ. બાલિશ કે અવ્યવહારૂ ન હોવા જોઇએ. સંવેદના હોય પણ બુધ્ધિનું તત્ત્વ પણ સમતોલનમા રહે તે રીતે તમારા વિચારોનું ગાંભીર્ય જરૂરી છે. સ્ત્રી હોય તો તેની નજાકત જરૂરી છે. સ્ત્રીના આગવા ગુણો ઉપરાંત જમાનાના બદલાતા સ્વરૂપને પારખી તેના પરિવર્તન સાથે રૂપ બદલવાની કલા પણ હસ્તગત થવી જરૂરી છે.

જાત મુલ્યાંકનમાં તમારે નખશિખ તમારી જાતને મનના ખુલ્લા દર્પણમાં બારીકાઇથી જોવાની છે. જે ચિત્ર દેખાય તેને નિરપેક્ષ ભાવે ચકાસવાની છે. બસ પછી તો તેની ખાલી જગ્યાની પૂરણી જ કરવાની છે. જેમાંથી આત્મવિશ્વાસ જન્મશે. જે મેળવવા બહોળું વાંચન, વિવિધ જાતની વ્યક્તિઓની મુલાકાત, અનુભવ, શિક્ષણ બધું લેવું પડશે. જાતને પ્રેમ કરવા માંડો જેથી તેની માવજત કરવાનું તમને મન થાય ને તેમાંથી સુંદર વ્યક્તિત્વ સર્જાય.

આ માટે જરૂરી છે દૃઢ મનોબળ, આપણે ત્યાં કહેવત છે કે મન હોય તો માળવે જવાય પણ તેમાં અર્ધ સત્ય છે મન હોય પણ માળવે પહોંચતા ઘણી તકલીફ પડે તેની કલ્પના અગાઉથી કરી લીધી હોય તે વાસ્તવિક બાબત છે, કેમ કે માળવે જવા કે પહોંચવા માટે આયોજન જરૂરી થઇ પડે છે.

આપણા વ્યક્તિત્વની એક નબળી બાજુ એ હોય છે કે ઉત્સાહપૂર્વક આરંભેલા કાર્યો અધવચમાં છૂટી જાય છે. ધ્યેય હાંસલ કરવામાં મુશ્કેલીઓ આવે તો ધ્યેય સાથે બાંધછોડ કરીને રોજબરોજની કેટલીયે વાતોમાં મનની નબળાઇ કાર્યોનાં પરિણામ સુધી પહોંચવા દે નહીં, એટલે જેમ વરસાદનું કે પવનનું એક ઝાપટું આવે તો નાના - નાના છોડ કે ધરૂ ઢળી પડે છે પણ જરા મૂળથી જામેલાં, પાકાં ઝાડ અડીખમ રહે છે તેવું જ મનોબળ વાળા વ્યક્તિત્વનું છે એમ સમજવું.

- chavdak23@yahoo.com

# ગઝલોને સાંકળી લેતા અને આશરે સીત્તેર વર્ષના સમયગાળાને આવરી લેતા આ સંપાદનમાં જેમની જન્મભૂમિ અને કર્મભૂમિ ઝાલાવાડ હોય એવા સર્જકોની ગઝલોને સંપાદકે 'ઝાલાવાડી ગઝલ ગંગા'માં સ્થાન આપ્યું છે

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

## ઝાલાવાડી શબ્દ સંવેદનાની ગઝલ સરવાણી

શિસ્ત અને સંકેતના સ્તરે સમક્ષથી સમગ્રના સાર સુધીના સંપાદકીય સંપદા સંવેદનાની પસંદગી પ્રક્રિયા પ્રવિધિ મીઠી મૂંઝવણ ભરી, મનોગત મથામણનો અનુભવ આપનારી, વિસ્મયોને વિસ્તારનારી, કાવ્ય પદારથની પૂર્ણતાને પ્રમાણનારી, કૃતિ થકી કર્તાને કામણગારા કહેનારી, ભાષાથી ભાવકો સુધી સ્થપાનારી, ગઝલ સંજ્ઞા રૂપે પરંપરિત નવ્ય - અનુ આધુનિક કે પુરસ્કૃત થઇ પ્રયોજાતી, કાળક્રમે બદલાતી છતાં ગઝલ એટલે માત્ર ગઝલનો અહેસાસ કરાવતી સર્જકીય સામર્થ્યેને સંકોરતી, આંતર-બાહ્ય સંરચના અને છંદોવિધાન સંદર્ભે ઉપકારક કલા સામગ્રીને સંતપર્ક સંનિધિમાં સ્વાભાવિક રીતે જ સાધી આપતી આનંદલોકના ભાવવિશ્વનું ભાવન બની રહેલી ગઝલના ભાવે - પ્રભાવે ફાટફાટ થતી ગઝલિયત સ્વરૂપના શેષ-વિશેષની અડોઅડ ઉભેલી સ્થાઇ ચિર-પરિચિતતા - અંકે કરી માતૃભાષાનો - લોક બોલીનો મહિમા કરવાનો અને ગઝલની સાવ સમીપ જવાનો, ગઝલને ગમતા થવાનો સોલિડ મહેતાનો સંપાદક તરીકેનો પ્રયાસ જેના લીધે આજની કેડી કાલનો રાજપથ બનશે એવી અસીમ શ્રધ્ધા સાથે અનહદની યાત્રાનું અનુસંધાન કે સચ્ચિદાનંદ શાતા સ્થાન કે પ્રતિક્ષાતી પ્રતીતિનું પ્રણયગાન એટલે સોલિડ મહેતાનું સુંદર સંપાદન ઝાલાવાડી ગઝલ ગંગા.

પ્રસ્તુત સંપાદનમાં ૧૯૧૫માં જન્મેલા રાહી અજમેરીથી માંડી ૧૯૯૨માં જન્મેલી ઇશિતા દવે સુધીના ૩૨ સર્જકોની ૧૦૦ જેટલી ગઝલો સમાવેશ પામી છે. તેમાં ૪ કવયિત્રીઓની ૧૦ ગઝલો છે. આ બધા કવિઓને એમની જન્મ તારીખના આધારે ક્રમમાં ગોઠવવામાં આવ્યાં છે. નામની કક્કાવારી મુજબ ક્રમાનુસાર મુકવાને બદલે જન્મની સિન્યોરીટી પ્રમાણે ક્રમાંક આપવાનો આ ઉપક્રમ પ્રયોગલક્ષી છે. તેમાં પણ કવિઓના જે સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યા છે. તે વિશેષ રસપ્રદ છે કારણ કે રાહી અજમેરી જેવા સાત ધોરણ સુધી અભ્યાસ ધરાવતા કવિથી માંડીને એમ.એ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ ધરાવતા કનૈયાલાલ ભટ્ટ સુધીનાં, ડો. નીતુષ જોષી જેવા સંસ્કૃતના પ્રોફેસરથી માંડી હજી કોલેજમાં અભ્યાસ કરતી કુ. ઇશિતા દવે સુધીનાં કવિઓ આ સંપાદનમાં સ્થાપ પામ્યાં છે. કોઇ પ્રાથમિક સ્કૂલમાં તો કોઇ હાઇસ્કૂલમાં છે. કોઇ ખેતી કરે છે તો કોઇ દરજીકામ કરે છે. કોઇ મંડપ સર્વિસનાં તો કોઇ ગેસ એજન્સીની વ્યવસાય સાથે જોડાયેલા છે. પત્રકારત્વ, કોમ્પ્યુટરાઇઝ્ડ, ટાઇપીંગ, કેશિયર જેવા વ્યવસાયો સાથે ગુજરાત સાહિત્ય અકાદમીનાં મુખપત્રનું સંપાદન કરનાર કવિ હર્ષદ ત્રિવેદી અને ગઝલકાર 'રાજ' લખતરવી પણ અહીં માણવા મળે છે.




અનુગાંધી યુગ, આધુનિક યુગ અને અનુ આધુનિક યુગનાં સર્જકોની ગઝલોને સાંકળી લેતા અને આશરે સીત્તેર વર્ષના સમયગાળાને આવરી લેતા આ સંપાદનમાં જેમની જન્મભૂમિ અને કર્મભૂમિ ઝાલાવાડ હોય એવા સર્જકોની ગઝલોને સંપાદકે 'ઝાલાવાડી ગઝલ ગંગા'માં સ્થાન આપ્યું છે. તેમાં ગાંધીનગરમાં વસતાં ભરત કવિ 'ઊર્મિલ', કનૈયાલાલ ભટ્ટ, હર્ષદ ત્રિવેદીનો ખાસ સમાવેશ થયો છે. જે આપણા માટે આનંદની બીના છે. ત્યારે આ સંગ્રહમાં સમાવાયેલી તેમની રચનાઓ પણ આપણે આસ્વાદીએ. એક સમયના બેંકના અધિકારી અને તે પછી પાટનગર પ્રકાશનાં તંત્રી તરીકે પત્રકારના ક્ષેત્રમાં નામનાં કરનાર ૧૦૦ થી વધુ વખત રક્તદાન કરી તેમજ સમાજસેવા અને રાજકીય ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરી હોવા છાતં ગાંધીનગર જેમને 'અરમાન' અને 'ઉદ્ગાર ઊર્મિલ' નાં થકી એક કવિ તરીકે વધુ ઓળખે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૨મી ઓક્ટોબર

- ૧૯૨૫ની ૯મી ઓક્ટોબરે ક્રાન્તિકારીઓ સાથે અંગ્રેજી તિજોરી લૂંટવાના આરોપસર ફાંસીની સજા પામનારા અશફાક ઉલ્લાખાનનો પઠાણ પરિવારમાં જન્મ ૨૨.૧૦.૧૯૦૦.
- ભારતમાતાના રંગમંચ પર સ્વાતંત્ર્યની ભાવનાથી શાહજહાંપુરથી લખનૌ જઇ રહેલી ટ્રેન અમે લૂંટી છે તેવું ફાંસીના માંચડે કહેનારા એન ફાંસીના માંચડે ચડનારા ખુશનસીબ મુસલમાન હોવાનું ગૌરવ કરનારા ઉલ્લાખાને ભારતમાતાની મુક્તિ કાજે પ્રાણ ન્યોછાવર કર્યા.
- ૧૯૫૫માં લાઓશ દેશ સ્વાતંત્ર્ય દિન.
- ૭૦૦ ફીટ લંબાઇ - ૭૪૦ ફીટ પહોળાઇ ધરાવતાં ભાંખર નાંગલ બંધનું ઉદ્ઘાટન જવાહરલાલ નેહરૂએ કર્યું - ૧૯૬૩.
- નૃત્યકાર અને અભિનયકાર સારા બર્ન હાર્ડનો બર્લિનમાં જન્મ - ૧૮૪૪.
- સૌરાષ્ટ્રની સાંસ્કારિક જાગૃતિના પ્રવર્તક મણિશંકર કિકાણીનો જૂનાગઢમાં જન્મ - ૧૮૨૨.
- ૧૮૧૮ - બંગાળના ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ્સનું અવસાન.
- ૧૯૭૧ - અર્વાચીન જાપાની વાર્તાકારને સોયા શીંગાનું ૮૮ વર્ષે અવસાન.

# વાત સાંભળતાં જ જ્યોતિનો ગુસ્સો સાતમે આસમાને પહોંચ્યો હતો, એક અર્ધપાગલે તેની ઇજ્જત બચાવી અને બદલામાં સખત માર અને અપમાન તેને મળ્યાં હતાં, તેને ભારે દુઃખ થયું હતું

## 'સાચી સ્નેહની ગાંઠ'

- હર્ષદરાય ઉપાધ્યાય

આખાયે ગામમાં અને ચોરેને ચૌટે બધાના મોંઢે બસ એક જ વાત હતી. 'છોડી ખરેખર જબરી કહેવાય અને ઘડી વારમાં કોને પૈણી ગઇ. પેલો રહી ગયો એ બરોબર લાગનો જ હતો. મૂઓ લાજી ના મર્યો?'

વાત એક નાનકડા કહી શકાય તેવા ગામની છે. સામાન્ય પરિવારની પરંતુ ભણવામાં ખૂબ હોંશિયાર દીકરી જયોતિ શહેરની મેડિકલ કોલેજમાં ડોકટરનું ભણી ચૂકી હતી, અને તેની સગાઇ ગામનાં જ એક એન્જીનીયર ભણેલા છોકરા પ્રાયણ સાથે થઇ હતી. લગ્ન લેવાયાં હતાં અને સૌ આનંદમાં હતા. જાન નીકળીને કન્યાના માંડવે પહોંચી ચૂકી હતી. લગ્નનાં ગીતો ગવાતાં હતાં અને બેંડનાં તાલે જાનૈયા નાચતાં હતા. ગામમાં સૌ ખુશ હતા.

ચોરીમાં વરરાજા આવ્યા અને કન્યાની જયારે પધરામણી થઇ ત્યારે અચાનક ઘૂંઘટ ખસેડીને કોઇ કાંઇ સમજે તે પહેલાં તો કન્યાએ વરને એક તમાચો ફટકાર્યો. અને સડસડાટ `મંડપની બહાર નીકળી દૂર ઝાડ પાસે ઉભેલ અર્ધપાગલ એવા યુવકને વરમાળા હેરાવી દીધી. જાણે વીજળી પડી હોય તેમ સૌ સ્તબ્ધ રહી ગયા. બંને માતા-પિતા અને સગાં ગુસ્સામાં રાતાપીળાં થઇ ગયાં. અને કદાચ કન્યાને મારવા પણ ધસતાં હતા. ત્યાં કન્યાનું રૌદ્ર રૂપ જાણે પ્રગટ્યું. પેલા યુવકનો હાથ પકડી મંડપમાં તેને ઘસડતી આવી અને તેણે અત્યંત ક્રોધિત અવાજે જે વાત કરી તે સાંભળતાં સૌ સ્તબ્ધ બની ગયાં. વરને તો ધરતી મારગ આપે તો સારૂં તેમ થઇ ગયું. વાત જાણે આમ હતી.

જયોતિ શહેરમાં મેડિકલની સ્ટુડન્ટ હતી. પરંતુ નવરાત્રીનો તેને ભારે શોખ હતો. આથી દર વર્ષે તે શહેરમાં ગરબે આખી રાત ઘૂમતી. પરંતુ આઠમ અને નોમના ગરબાની મજા તે ગામમાં જ લેતી. તેના ગામથી એક ગાઉ છેટે સહેજ મોટા ગામમાં માંડવડી ગોઠવાતી. આજુબાજુનાં ત્રણ-ચાર ગામનાં લોકો અહીં આવતાં, અંબા માની ત્યાં ભવ સ્થાપન સાથે રાસની રમઝટ બોલાતી હતી. શહેરના આધુનિક સાઉન્ડ સિસ્ટમને બદલે દેશો ઢોલ અને નગારાં સાથે ગવાતાં રાસ-ગરબા વિશિષ્ટ આકર્ષણ રૂપ હતા. જ્યોતિ પણ ત્યાં અવશ્ય જતી હતી. સાથે બીજી બે સહેલીઓ હોય એટલે નજીક જ ગામ હોઇ કોઇ ભય જેવું ન હતું. વળી ઘણાં બધાંનો સંગાથ પણ હોય પછી ચિંતા જેવું ન રહેતું.

આ વર્ષે પણ જયોતિ ત્યાં પહોંચી હતી. ભલે શહેરમાં ડોકટરનું ભણેલ હતી છતાં ગ્રામ્ય સંસ્કૃતિ તેને ઘણી ગમતી હતી. રાસ - ગરબાની રમઝટ બોલાવા લાગી. મન મુકી સૌ

માના ગરબા ગાઇ રહ્યાં હતા. એમને એમ કરતાં મધરાતનો સમય થયો અને હજુ તો ત્રણ તાલીના ગરબા બાકી હતા. પરંતુ જયોતિની એક સહેલીની તબિયત સહેજ ઢીલી લાગતી હતી. ઠંડી અને તાવ જેવું લાગતું હતું. આથી ત્રણે બહેનપણીઓ એ અધવચ્ચે ગરબા છોડી ગામ તરફ ચાલી નીકળવું યોગ્ય ગણી નીકળી પડી. પરંતુ તેમને ખબર ન હતી કે કોક તેમનો પીછો કરી રહ્યું હતું.

રાત્રીનો સમય હતો અંધારું ઘોર હતું. જો કે, હાથમાં ટોર્ચ હતી છતાં પગદંડી જેવો રસ્તો માત્ર જોઇ શકાતો હતો. આજુબાજુનાં વૃક્ષો અંધારામાં બિહામણાં ભાસતાં હતાં. ખેતરો જાણે કે ઘોરતાં હતાં. આકડાંનાં છોડ ભારે ડરામણાં થઇ રહ્યાં હતા. અડધે રસ્તે એક સૂકું પાણીનું વાંગુ આવતું હતું. આજુબાજુ સહેજ ઊંચી કોતરો હતી ત્યાંથી પસાર થતાં જ અચાનક છેલ્લે ચાલતી જ્યોતિ ઉપર કોઇકે જાણે કે તરાપ મારી. ઝપાઝપી જેવું થયું અને તેમાં ટોર્ચ કયાંક પડી ગઇ. ચીસાચીસ થઇ રહી. અંધારામાં દૂર સુધી અવાજ પહોંચતો હતો.

ત્યાં ફરી અચાનક કોઇકે છલાંગ મારી અને જ્યોતિ ઉપર હુમલો કરનાર ઉપર તે મુક્કાના પ્રાહર કરવા લાગ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)